RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-04
April-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# થીરપુર નગરનો (થરાદ)નો આર્થિક સામાજિક-ધાર્મિક અને સાંસ્કૃતિક વિકાસ અને ઐતિહાસિક અહેવાલ

ચૌધરી ભમરાજી.સી.

પી.એચ.ડી.સ્ટુડન્ટ, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિર્વસીટી, અમદાવાદ

પ્રાચીન થીરપુરથી અર્વાચીન થરાદની આ ધરા જ નહીં પણ ધર્મધરા છે........ વસુધરા છે.

આ ધરાના કર્ણેકણમાં પવનની લહેરો અને જન જનમાં દેવ-ગુરૂ અને ધર્મ પ્રતિ આસ્થા છે ને કુળદેવી પ્રત્યે શ્રદ્ધાનો સમંદર છે એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના.........

ધર્મવીરો.... દાનવીરો..... કર્મવીરોથી શોભતી આ ભૂમિ થીરપુર......થારાપ્રદ....... થીરાપ્રદ અને થરાદથી ઓળખાળ એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના......

ચંદ્રકુળ આચાર્યશ્રી વટેશ્વરસૂરિએ કરી થારાપ્રદિપ ગચ્છની સ્થાપના જેમાં થયા શ્રી શાંતિસુરિ કે જેમણે કરી " જિવ વિચાર સુત્ર" ની રચના એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

જ્યા કણે કણે સંતના પગરવ થયાં ભૂમિ થઈ વસંત જૈન શાસન શણગાર કુમારપાલ રચ્યુ જિનાલય એક અદ્દભુત એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

થરાદ સિધ્ધાચલનો સંઘ કાઢી , પુયુર્પણ કર્તવ્યમાં મેળવી નામના મહા સધપતિ એવા આભુ , સંઘવી જે ભૂમિના છોરુ છે. એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

જે. પ્રતિમાજીઓના દર્શનમાત્રથી આંખડી હરખાઈ જાય, મસ્તક નમી જાય મન મોરલા નાચી ઉઠે એવી પ્રતિમાજીઓ જ્યાંથી પ્રગટી આવે એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

જીનદાસ અને લાધા જેવા રત્નોની આ છે ભૂમિ જિવદયા પ્રેમી નથુશા વારીયાની છે, આ જન્મભૂમિ એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

અનેક ભવ્યાત્મા...... પરમાત્મા...... ધર્માત્માંથી પવિત્ર એવી માતૃભૂમિને કોટિ કોટિ વંદના........

પરમાત્મા મહાવીર સ્વામીના ચરણસ્પર્શથી પાવન થયેલ પ્રસ્તુત પ્રાચીન ભૂમિ થીરપુર એટલે કે હાલનું થરાદ જે પ્રદેશમાં આવેલું છે. તેને આપણે ગુજરાત તરીકે ઓળખીએ છીએ. આ ભરતક્ષેત્રમાં સ્વર્ગ સમાન ગુજરાત ભૂમિ મનુ વૈયસ્તવના પુત્ર શર્યાતિના સમયથી શરૂ થયો છે. શર્યાતિ રાજાના પુત્ર આનર્તના નામ ઉપરથી આ પ્રદેશ આનર્ત નામે ઓળખાવો. ત્યારબાદ ગુર્જર લોકો પરથી ગુજરાત તરીકે ઓળખાય છે.

- ❖ સ્થાપના:

સંવત ૧૦૧માં થીરપાલ ધરૂએ થીરપુર નગરની સ્થાપના કરી સ્થાપના સમયે સાથે આવેલા શેઠ પરિવારે ગામના ઝાંપે તોરણ બાંધ્યું. જેથી આ પરિવારો "ઝાપલિયા શેઠ" કુટુંબ કહેવાયા આ તોરણ બાંધતી વખતે કોઈ એવા શુકા અને એવું શક્તિમાન નક્ષત્ર ચાલતું હશે કે ગામનો ઝડપી વિકાસ થવા માંડયો , સર્વ પ્રકારના વહેપાર વધવા માંડયા. લોકોમાં નવો શક્તિસંચાર થયો. તેમની જાહોજલાલી જોઈ આજુબાજુ પ્રદેશના બીજા કુટુંબો પણ આ તરફ આવવા પ્રેરાયા પ્રાચીન સમયમાં ગામનો મુખ્ય રસ્તે હાલના નારણદેવી માતાના મંદિર તરફ હતો. સ્ત્રીઓની તે કુલ મળીને ૧૭ ,૯૫૪ કુલ વસ્તી જોવા મળે છે. થરચાદમાં નાના નાના ઉદ્યોગો એટલે કે ગૃહ ઉદ્યોગ અને ખેતીના આધારે અને પશુપાલન થવાથી ત્યાંના લોકો સારૂં ગુજરાન ચલાવે છે.

થરાદના ગામડાઓની વાત કરીએ તો ૧૩૫ નાના મોટા ગામડાઓ જોવા મળે છે. તેનો અંદાજીત વિસ્તાર ૩,૨૧,૦૯૦ હેકટર જોવા મળે છે.

જૈન સમુદાય વધારે પ્રમાણમાં છે. તેમની અટક અને જાતિઓનું નિરૂપણ કરીએ તો જૈન કુટુંબોની અટક ૩૧ જેવી જોવા મળે છે.

- ❖ **થરાદની ધાર્મિક સ્થિતિ (જૈનધર્મ)ના આચાર્ય અને જૈન સંપ્રદાયના વિકાસમાં ફાળો:**

જૈન ધર્મ આ જગતમાં અનાદિ કાળથી છે. જૈન જગતને અનાદિ કાળનું માને છે. પરમેશ્વર પરમાત્માને અનાદિ કાળથી માને છે. એકેન્દ્રિય , દ્વિન્દ્રિય, ત્રિદ્રિન્ય, ચતુરન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને કર્મ સહિત સંસારી જીવો માને છે. અનાદિ કાળથી જીવો છે. અને તેઓની સાથે અષ્ટકર્મ લાગ્યા છે એમ માને છે. જીવોને પુણ્યયોગે સુખ થાય છે અને પાયયોગે દુઃખ થાય છે.

© RRIJM 2015, All Rights Reserved

કુમારપાળના મરણ પછી તેના ભાઈ મટીપાલનો પુત્ર અજયપાલ ગાદીએ બેઠો કુમાળપાળને પુત્ર ન હતો. તેની ઈચ્છા પોતાની દીકરીના દીકરા પ્રતાપમલ્લને તે ગાદી આપવાની હતી. પરંતુ અજયપાળે કુમારપાળને ઝેર આપીને મારી નાખેલ અને ગાદી પચાવી પાડી હતી. દૂર જૈનધર્મ વિરોધીવિરોધી ભ્રષ્ટ બુદ્ધિના રાજાનું શાસન ત્રણ વર્ષ ચાલ્યું. ઈ.સ.૧૧૭૪ થી ૧૧૭૭ ના રાજ્ય શાસન દરમિયાન અવિચારી પણે અજયપાળે બુદ્ધિપ્રધાન ગુજરાતીઓનો વિનાશ કરી ગુજરાતના વિકાસના મૂળમાં કુગડો માર્યા તેમજ ધાર્મિક સ્થાનોનો વિનાશ કર્યા. ત્યારથી ગુજરાતના પતનના શ્રી ગણેશબેઠા જો કે અજયપાલની ભૂલના કારણ ગુજરાતને ઘણું સહન કરવું પડયું. નહીતો આજનું ગુજરાત કોઈ નવા જ સ્વરૂપે જગતના નકશા ઉપર હોત.

થરાદની ઉન્નતિ કાળમાં અહીં એક વિશાળ ભવ્ય જૈન મંદિર હતું જેના ૧૪૪૮ સ્તંભ હતા પરંતુ જે ભૂમિશયન થઈ ગયું મુસલમાન આક્રમણોએ આ ભવ્ય જિનાલયને નષ્ટ કરી દીધું. મહારાજા ગુર્જર સમ્રાટ કુમાળપાળે થરાદમાં ભવ્ય ચૌમુખ્ય જિનાલય બંધાવેલ. થરાદ બિરાજમાન પ્રતિમાઓના એક પ્રતિમાં પર પ્રસિદ્ધ હેમચન્દ્રાચાર્યના નામોનો ઉલ્લેખ પણ છે. પરંતુ તેરમી શતાબ્દીના પૂર્વાધમાં થરાદ પર યવનોનાં ઘાતક આક્રમણો થયાં અને આ આક્રમણો થરાદની તમામ જાહોજલાલીને નષ્ટ કરી દીધી. બંને વિશાળ જિનાલયો ઘાતક હુમલાઓમાં ભૂમિશયન થઈ ગયા. થરાદના વહેપાર પણ નષ્ટ થઈ ગયા. સમય જતા ધીરે ધીરે સ્થિતિ સુધરી પણ પહેલાંની શોભા ફરી પરત ન આવી સંવત ૧૨૩૦માં થરાદ પર યવનોના આક્રમણ થયા અને સંવત ૧૩૦૦ સુધી થરાદ યવનોના અધિકારમાં રહ્યું. ચૌદમી શતાબ્દીના પ્રારંભમાં થરાદ પર નાડોલના ક્ષત્રિયોના અને રાણા પૂજાના પૂત્રે પોતાનું રાજ્ય ફરીથી સ્થાપિત કર્યું. આ રીતે થરાદ રાજ્યના બે વિભાગ થઈ ગયા પણ યવન રાજ્ય સમાપ્ત થઈ ગયું.

❖ **ધાર્મિક ભાવના:**

અહીંની જૈન પ્રજામાં ધાર્મિક ભાવના ખૂબ જ હતી જૈન મૂનિ યતિઓ માટે ધર્મનું ધામ હતું. આ ભૂમિ પર મહાન આચાર્યઓએ પોતાની સાધના સાધી છે. અને ધર્મ પ્રેમીઓને માર્ગદર્શન આપેલું છે. અહીંથી થારાપ્રદીપ ગચ્છની સ્થાપના થઈ તે મહત્વની બાબત છે તે સમયે અહીંની પ્રજા પર કોઇ એક જ ગચ્છ કે એક જ ગુરૂનું સામ્રાજ્ય ન હતું. લોકો દરેક ધર્મ મુનિગણની સાથે ધાર્મિક સંપર્ક રાખતા હતા છતાં આ પ્રદેશ સંવત ૧૫૬૨ ની સાલ પછી કડવા ગચ્છ યતિઓનું મહત્વનું મથક બની ગયો. તેમનો થરાદની પ્રજા પર ધર્મના ભાવો રંગવામાં મહત્વનો ફાળો હતો.

❖ **સ્થાપત્ય:**

કહેવાય છે કે અહીં જૈનોનાં ધાર્મિક પુસ્તકોનો અમૂલ્ય ભંડાર હતો. જ્ઞાન મંદિરમાં ૨૦૦૦ હસ્તપ્રતો તેમજ અનેક તામ્રપત્રો પર લિખિત ઘણી જ પ્રતો હતી. પરંતુ કાળદોષના કારણે ભંડારમાંની કેટલીયે પ્રતો ચોરાઇ તેમજ બગડીને નાશ પામી વળી એક કહેવાય છે કે અહીં ગોરજીની મોટી પોશાળ હતી. તેમાં પણ ઘણી અલભ્ય પ્રતો હતી તે સિવાય પણ અહીં સ્થાપી થયેલ સાજીજીઓ (યતિઓ) એ હસ્ત લિખિત પ્રતો તેમજ તામ્રપ્રતો પર ધર્મ સાહિત્ય લખેલ હતું. શ્રી આભુ સંઘવીએ ત્રણ કોડ ટંક (એ વખતનું નાણું) ખર્ચીને સર્વ આગમો તથા કલ્પસૂત્રની એક એક પ્રત સુવર્ણમય અક્ષરોથી અને બીજા સર્વ ગ્રંથોની એક એક પ્રત શાહીથી લખાવી હતી.

❖ **થીરપુર નગર (થરાદ) નામે કરેણ અને બનાસકાંઠામાં સ્થાન:**

(૧) જોધપુર - થરાદ વચ્ચે લડાઈ (ઇ.સ.૧૭૬૧)
(૨) થરાદ - રાધનપુર વચ્ચે લડાઈ (ઇ.સ.૧૭૮૬)
(૩) થરાદ - વાવ વચ્ચે લડાઈ (ઇ.સ. ૧૮૧૨)
(૪) થરાદ - ભૂજ વચ્ચે લડાઈ (ઇ.સ.૧૮૧૩)
(૫) થરાદ - હળવદ વચ્ચે લડાઈ (ઇ.સ.૧૮૧૨)
(૬) વાઘેલા રાજવી આયા ધુમરાણ વચ્ચે લડાઈ (ઇ.સ.૧૮૧૯)
(૧) જોધપુર - થરાદ વચ્ચે લડાઈ (ઇ.સ.૧૭૬૧)

સને ૧૭૬૧ (સંવત ૧૮૧૭) ની સાલમાં જોધપુરના મહારાજ વજેસિંગજી તરફથી તેમના દીવાન ભોજા મહેતા કેટલીક ફોજ લઈને થરાદ ઉપર ચઢી આવ્યા અને ઠાકોર ખાનજી પાસે ખંડણી માંગી તેમણે આપવાની ના પાડી તેથી જમડા પાસે (થરાદથી ત્રણ ગાઉ) લડાઈ થઈ. તેમાં જોધપુરના મહારાજાના દીવાન ભોજા મહેતા હારીને પાછા ગયા.

થીરપુર ગામનો આર્થિક વિકાસ:

1. ખેતી.

થીરપુર નગરમાં પહેલાથી જ કપાસ , રાયડો, જીરૂ, વરિયાળી જેવા પાકો જોવા મળે છે. તેની તેમના રોકડીયા પાકો એટલે કે કપાસ એ રોકડીયા પાક હોય છે. તેની હાલની સ્થિતિમાં વધારે પ્રમાણમાં સારી ખેતી કરી શકે છે. અને તેમની આર્થિક સ્થિતિ સારી છે.

© RRIJM 2015, All Rights Reserved

**2. થરાદની વસ્તી જાતિઓ અને તેમનો વિકાસઃ**

થરાદ તાલુકાની વસ્તી ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ પુરૂષ ૧ ,૫૪,૦૯૪ અને સ્ત્રી ૧ ,૪૪,૧૧૫ એટલે કુલ મળી ને ૨,૯૮,૨૦૯ થાય છે. અને બીજા ભાગમાં જોઈએ કે શહેરની વસ્તી ગણતરી કરી તો થરાદની ૧૪ ,૫૪૮ પુરૂષની અને ૧૩,૪૦૬

સ્વર્ગવાસઃ સં. ૨૦૩૬ અષાઢ સુદ ૭ રાજગઢ મોહનખેડા(મ.પ.)

- **પેથડ રાજાની રિદ્ધિ - સિદ્ધિઃ**

૫૫ હસ્તી મદભર્યા તેમના દ્વારો ડોલતા હતા. ૫૦૦૦ અશ્વ બાંધ્યા જવ ચરતા હતા. ૪૦૦૦ ઊંટ સવાર નિરંતર હાજર રહેતા હતા. તાળાના અનેક રાજાઓ રાજ્ય સેવા કરતા હતા. રાજા પાંત્રીસ રાણીઓ સાથે સુખ ભોગવતા હતા.

- **થીરપુરનો શિલ્પ અને સ્થાપત્યઃ**

**(૧) જૈન મંદિરોઃ**

'આભુસંધા' કુટુંબની કુળદેવીશ્રી મહિમાદેવી માતાજી છે. સંવત ૨૦૪૬ મહાસુદ- ૮ ના દિવસે થરાદમાં વસતા જીવરાજ બલુના કુટુંબે ધામધૂમપૂર્વક થરાદની બાજુમાં માડકા નામેથી કુળદેવીશ્રી મહિમાદેવી માતાજીની મૂર્તિ થરાદ નગરે આંબલી શેરીમાં નૂતન જિન મંદિર બંધાવ્યું. ત્યાં માતાજીની નવી પ્રતિમા ભરાવી.

**સંદર્ભ સુચિઃ**

(૧) થીરપુર નગર સોહામણું - લેખક નવીન એમ. સંઘવી, દ્વિતીય આવૃતિ, અમદાવાદ-૨૦૧૧

(૨) ભારતનું ગેજેટીયર- ગુજરાત લિથોપ્રેસ વડોદરા - ૧૯૮૦, અંગ્રેજી આવૃતિ.

**(૩) ગુજરાતનું ગેજેટીયર લિથોપ્રેસ- ગુજરાત રાજ્ય વડોદરા-૧૯૮૯ અંગ્રેજી આવૃતિ.**

(૪) ગુજરાતનું ગેજેટીયર - લિથોપ્રેસ ગુજરાત રાજ્ય વડોદરા ૧૯૯૫ ગુજરાતી આવૃતિ.

(૫) ગુજરાત નો રાજકીય અને સાંસ્કુતિક ઈતિહાસ (ભાગ-(૧ થી ૪) લે. ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ ભો.જે..વિદ્યાભવન અમદાવાદ-૧૯૬૫.

(૬) પાલનપુર રાજ્યનો ઈતિહાસ - લે. ડૉ. દિપક પટેલ, પાલનપુર-૨૦૧૩

(૭) થરાદ સેકેન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ થરાદ નું વાર્ષિક અહેવાલ વર્ષ-૨૦૧૦.

(૮) દિવ્ય ભાસ્કર-દિવાળી અંક સંવત ૨૦૭૨ ૨૦૧૫ બનાસકાંઠા પુરતી પા નં. -૬.

(૯) ગુજરાત (પાકસીક) અંક નં. -૧૩ બનાસકાંઠા ના ઈતિહાસના સ્થળો, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય બ્લોક-૧૨, સચિવાલય, ગાંધીનગર.

© RRIJM 2015, All Rights Reserved 